
# દધાલીયામાં લાખોના ખર્ચે બંધાયેલી પાણીની ટાંકીમાં પાણી નથી ભરાતું

મોડાસા, તા. ૨૩

નર્મદાનાનીર જળાશયોમાં ઠાલવી ગામે ગામ ઘરેઘરે પીવાનું પાણી પહોંચાડવા રાજય સરકાર અબજો રૂપિયાની યોજનાઓ બનાવી મસમોટી જાહેરાતો કરી રહી છે. ત્યારે મોડાસા તાલુકાના દધાલીયા ગામે ચમારવાસમાં રૂ. ૪.૪૮ લાખના ખર્ચે ૩ વર્ષ અગાઉ બંધાયેલી ટાંકી પાણી વગર શોભાના ગાંઠિયારૂપ બની રહી છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

વિસ્તારના રહીશોને પીવાના પાણીની હાલાકી દૂર કરવા ખાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૨માં બંધાયેલી પાણીની ટાંકી બિન ઉપયોગી રહેતાં તિરાડો પડવા લાગી છે. પાણી આવશે, ટાંકી ભરાશે અને તરસ છીપાશેની રાહ જોતા રહીશો આજે ટાંકી જોઈને નિઃસાસા નાખે છે. મોડાસા પાણી પુરવઠા કચેરીના નાકાઈ દિપકભાઈ ઠેકડીના જણાવ્યા મુજબ, ટાંકી ભરવા બે વાર બોર કરાવ્યો, છતાં બોર ફેઈલ જતાં ટાંકી ભરી શકાઈ નથી. આગામી ચોમાસાની ઋતુમાં ફરી એકવાર નવો બોર કરવામાં આવનાર છે.

તલાટી ભુપેન્દ્રભાઈ ભાટીયાએ જણાવ્યું કે, દધાલીયામાં જંબુસર અને સાયરા રોડ પરના કંપામાંથી પીવાનું પાણી આપવામાં આવે છે. ચમારવાસ નજીક હેન્ડપંપના બોરનું પાણી પીવાલાયક નથી એવો રિપોર્ટ છે. સ્વજલધારા યોજના હેઠળ રૂ.૮ લાખ લોકફાળો ભરવાનો થાય છે. વધુ એક બોર બનાવવા મંજૂરી મળી છે.


# હેલોદર દૂધ મંડળી બંધ કરવાના તઘલખી નિર્ણય સામે પશુપાલકોમાં રોષ

## સાબરડેરીના સફેદ રાજકારણનો ભોગ પશુપાલકો બન્યા : જીલ્લા કલકેટરને આવેદનપત્ર આપતા સત્તાધિશો ખીજાયા : દૂધમાં પાણી, વજનકાંટામાં ક્ષતિ સહિતના વિવિધ બહાના બનાવી મંડળી બંધ કરવાનો નિર્ણય

મોડાસા, તા.૨૩

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના હેલોદર દૂધ મંડળી અને કલસ્ટરનુ દૂધ સાબરડેરી ધ્વારા નહી સ્વિકારી આ દૂધ મંડળી બંધ કરવાના સાબરડેરીના નિયામક મંડળના તઘલખી નિર્ણય કરતાં સફેદ દૂધના રાજકારણમાં પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને વેઠવાનો વારો આવ્યો છે.

માલપુર તાલુકા હેલોદર દૂધ ઉત્પાદક મંડળીનો વિવાદ છેલ્લા ત્રણ દિવસથી અરવલ્લી જીલ્લામાં ટોક ઓફ ધી ટાઉન બનવા પામ્યો છે. હેલોદર દુધ મંડળી અને કલસ્ટર સેન્ટર ધ્વારા આજુબાજુના દુધ મંડળીઓનુ દુધ એકઠુ કરી સાબરડેરીમાં મોકલવામાં આવતુ હતુ. ત્યારે છેલ્લા બે ત્રણ વર્ષથી આ મંડળીને સાબરડેરી ધ્વારા ૧૦ લાખ ઉપરાંતની ડેબીટો આપવામાં આવતા પશુપાલકોને ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો. ગત એપ્રીલ માસમાં પણ આ મંડળીને સાબરડેરી ધ્વારા ૨ લાખ ૧૫ હજાર રૂપીયાની ડેબીટ આપવામાં આવી હતી. જેને લઈને ગત તા.૧૯ના રોજ હેલોદર દુધ મંડળીમાં દુધની તપાસ કરવા સાબરડેરીના કર્મચારીઓ આવ્યા હતા. આ કર્મચારીઓ સામે રજુઆત કરવા પહોચેલા ગ્રાહકોને યોગ્ય સચોટ જવાબ ન મળતા લોકો રોષે ભરાયા હતા અને આ મામલાની તપાસ કરી ડેબીટ કરેલી રકમ પરત ચૂકવી આપવામાં આવે તેવી માંગ કરી હતી. વળી દુધનુ ટેન્કર દુધ ભરીને હેલોદર કલ્સટર સેન્ટર પરથી રવાના થતુ હતુ. ત્યારે લગાવવામાં આવતુ સીલ રસ્તામાં બદલાઈ જતુ હોવાની સાબીતી કેટલાક ગ્રાહકો ધ્વારા અપાતા તપાસમાં આવેલ કર્મચારીઓએ આ બાબતે લેખીતમાં કબુલાત પણ કરી હતી કે ટેન્કરમાંથી દુધ રસ્તામાં જ ચોરાઈ જાય છે અને તેના બદલામાં પાણીની ભેળસેળ કરી દેવાતી હતી. આ કર્મચારીઓએ કરેલી કબુલાત બાદ ગ્રાહકોએ તેઓને જવા દિધેલા હતા.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ત્યારબાદ બીજા દિવસે સાબરડેરી ધ્વારા હેલોદર દુધ મંડળી અને કલસ્ટર સેન્ટરનુ દુધ લેવાનુ બંધ કરી દેતા બે દિવસ બાદ હેલોદર ગામની મહિલાઓ અને પુરુષો આ મામલે હસ્તક્ષેપ કરવા કલેકટર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી અને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ. ત્યારે કલેકટરને આવેદનપત્ર અપાતા ખીજાયેલા સાબરડેરીના સતતાધિશો ધ્વારા હેલોદર મંડળીના ચેરમેન અને સાબરડેરીના પુર્વ ડીરેકટર જશુભાઈ પટેલ સહિતના અન્ય ગ્રાહકોએ સાથે મળીને કર્મચારીઓ જોડે ખોટા નીવેદનો લખાવી લીધા તેમજ હેલોદર દુધ મંડળીના દુધમાં પાણીની ભેળસેળ અને વજનકાંટામાં ક્ષતી હોવા જેવા કારણો બતાવી હેલોદર મંડળીને આપેલુ કલસ્ટર સેન્ટર તેમજ હેલોદર દુધ મંડળી બંધ કરવાની તેમજ તમામ સેવાઓ બંધ કરવા નીયામક મંડળ અને સાબરડેરીના ચેરમેનોએ નિર્ણય કરી લેતા સભાસદોમાં અનો પશુપાલકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

# આયોજનનો અભાવ અને વ્યાપક પ્રસિદ્ધિના અભાવે વિકલાંગો સહાય કેમ્પથી વંચિત

## પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે વિકલાંગ સાધન સહાય કેમ્પ યોજાયો : સિવિલના અણઘડ આયોજનને પગલે વિકલાંગ સાધન સહાય કેમ્પને સાંપડયો મોળો પ્રતિસાદ

પાલનપુર, તા. ૨૩

બનાસકાંઠા જીલ્લામાંથી જ રાજયના આરોગ્યમંત્રી બિરાજમાન હોવા છતાં ઈન્ચાર્જોના હવાલે રહેલી પાલનપુર સિવિલ હોસ્પિટલનો વહીવટ ખાડે જતા જીલ્લાવાસીઓનું જાહેર આરોગ્ય જોખમાઈ રહ્યુ છે. પાલનપુર સિવિલ હોસ્પિટલના અણઘડ વહીવટ અને આયોજનના અભાવે આજે સિવિલ ખાતે યોજાયેલા વિકલાંગ સાધન સહાય કેમ્પને પણ મોળો પ્રતિસાદ સાંપડયો હતો. નિર્ધારીત સમયે કેમ્પના સ્થળે કોઈ રણાગત પણ ન હતી. જયારે વ્યાપક પ્રસિધ્ધિના અભાવે વિકલાંગોને જાણ થતા ઝાઝા લાભાર્થીઓ પણ સાધન સહાયથી વંચિત રહેવા પામ્યા હોવાના અહેવાલ મળ્યા હતા.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે આજે ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ કાનપુર અને જીલ્લા પ્રશાસન બનાસકાંઠાના સહયોગથી સિવિલ હોસ્પિટલ ખાતે વિકલાંગ સાધન સહાય અન્વયે પરીક્ષણ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પ નવા ટ્રોમા સેન્ટર ખાતે રાખવામાં આવ્યો હતો. પરંતુ ત્યાં નિર્ધારીત સમયે તો કોઈ રણાગત જોવા મળી નહતી. કેમ્પના સમયે તો આયોજનના અભાવે ટેબલો ગોઠવાતા હતા. મેનેજમેન્ટનો અભાવ અને ઢંગધડા વગરના આયોજનના કારણે સમયસર આવેલા વિકલાંગોને વીલા મોઢે પરત ફરવાનો વારો આવ્યો હતો.

જયારે બહોળી પ્રસિધ્ધિ પણ ન કરાતા વિકલાંગ સાધન સહાય વિતરણ પરીક્ષણ કેમ્પને મોળો પ્રતિસાદ મળ્યો હતો. આ કેમ્પમાં માત્ર ૮૦ લોકોએ લાભ લીધો હોવાના અહેવાલ વચ્ચે જીલ્લાના વિકલાંગો પાલનપુર સિવિલ હોસ્પિટલના ખાડે ગયેલા વહીવટના પાપે સાધન સહાયથી વંચિત રહેવા પામ્યા હોવાનો ગણગણાટ જાગૃત નગરજનોએ વ્યકત કર્યો હતો.

## પ્રાંતિજની ગુજરાતી શાળા નં.૨માં પ્રવેશોત્સવ ઉજવાયો

સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે ગુજરાતી શાળા નં. ૨માં પ્રવેશોત્સવ તેમજ કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે પ્રાંતિજના વેચાણવેરા અધિકારી જે.બી. ડામોર, નગરપાલિકા પ્રમુખ ગિરીશભાઈ પટેલ, તાલુકા શિક્ષણાધિકારી તુલસીભાઈ વાઘેલા, બીઆરસી કો. ઓર્ડિનેટર ભાવનાબેન મોદી ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમમાં વયોવૃદ્ધ કાંતિલાલ માધવદાસ રાવલ તથા તિથી ભોજનના દાતા સ્મિતેશભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા પંથકમાં રવિવારે શરૂ થયેલા વરસાદથી હરણાવ નદીમાં નવા નીર આવ્યા હતા. મોડી રાત્રે શરૂ થયેલો વરસાદ વહેલી સવાર સુધી ચાલુ રહેતા અંદાજે ૯૨ મીમી વરસાદ પડયો હતો.

# ડીસા પોલીસે સગીરા અપહરણ-બળાત્કાર કેસનો આરોપી કર્યો જેલ હવાલે

ડીસા, તા. ૨૩

સમાજમાં રોજ બરોજના જીવનમાં બનતી બળાત્કાર ની ઘટનામાં કેટલાક કિસ્સામાં મુગ્ધા અવસ્થા પણ જવાબદાર બને છે. મુગ્ધા અવસ્થા માં લાગણીવશ લેવાતા નિર્ણયો કેવા વરવા પરિણામ લાવે છે તે આજની યુવા પેઢી સમજી સકતી નથી જયારે એક છોકરો અને છોકરી મુગ્ધા અવસ્થા મા હોય છે ત્યારે, માબાપ નુ ગમે તેટલુ દબાણ તેમને સ્પર્શી નથી શકતુ.મુગ્ધા વસ્થા ની લાગણીઓં ને તે બાદ ે્મ નું રૂપકડું નામ અપાય છે , પણ માબાપ ને તેમનો આવો ે્મ મંજુર નથી હોતો, માટે તેઓ આ સંબધ ને પોતાની મંજુરી નથી આપતા,જેથી આવા યુગલો કાયદાની અવગણના કરી ભાગી છૂટે છે અને ઝડપાય છે ત્યારે તેવો મુગ્ધા અવસ્થા માથી બહાર આવે છે ત્યારે તેમને સત્ય સમજાય છે કે તેમને જે ે્મ કર્યો હતો કે જેને ે્મ ગણતા હતા તે ે્મ નહીં પણ મુગ્ધા અવસ્થા નુ આકર્ષણ હતુ જે ને આપણે અંગ્રેજી માઁ ઈનફેચ્યુએશનઁ કહી એ છીએ,જોકે તેબાદ તેના વિપરીત પરિણામો પરિવાર ને મુશ્કેલી માં મુકતા હોય છે.



એક કિસ્સો બનાસકાંઠા ના ડીસા તાલુકા ના વાસણા ગામે બહાર આવ્યો છે જેમાં વાસણા ગામે રહેતા એક પરિવાર ની ૧૭ વર્ષીય સગીરા ને મુગ્ધા અવસ્થાની લાગણીઓ માં ડીસા તાલુકા ના ધાખા ગામના કેરાજી ધીરાજી પટેલ નામના યુવક સાથે આકર્ષણ થયેલ, જેમાં આરોપી એવા આ યુવકે મુગ્ધા અવસ્થા નાં આ આકર્ષણ ને પોતાની હવસ નું સાધન બનાવી આ ૧૭ વર્ષીય સગીર યુવતી ને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી યુવક દોઢ માસ અગાઉ ભગાડી ગયો હતો,આ યુવકે તે બાદ તેના કબજામાં રહેલી યુવતી સાથે અનેકોવાર બળાત્કાર કર્યો હતો,જયારે બીજી તરફ યુવતીના પિતાએ ડીસા તાલુકા પોલીસ મથકે આ મામલાની ફરિયાદ આપતા પી.આઈ. રઘુવીર સિહ ભદોરિયા અને ટીમે આરોપી ને કુડા ગામે થી ઝડપી પાડ્યો હતો. આરોપી યુવકે બળાત્કાર કરેલ હોવાનો પુરાવો મળતા પોલીસે અપહરણ અને બળાત્કાર તેમજ સગીર બાળકો સાથે જાતીય અત્યાચાર નો કાયદો પોક્સો મુજબ ગુનો નોધી આરોપી ને જેલ હવાલે કરેલ છે.

# બાજકોટ ગામે વિદેશી દારૂ ઝડપાયો પોલીસે ૩૮,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

મોડાસા, તા. ૨૩

મોડાસા નજીકના બાજકોટ ગામની સીમમાંથી એલ.સી.બી. ની ટીમે માર્ગપર ચેકીંગ દરમિયાન દ્વીચકી વાહન પરથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. દારૂ અને વાહન સહિત કુલ રૂ. ૩૮,૯૦૦નો મુદ્દામાલ પોલીસે જપ્તો કર્યો હતો.


(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લામાં દારૂબંધી અંગે અસરકારક કામગીરી કરવા જિલ્લા પોલીસ દ્વારા અરવલ્લી જિલ્લા એલસીબી અને એસઓજીની ટીમને સૂચના આપવામાં આવી હતી પરીણામે આજે આ બંને ટીમે મોડાસા મેઘરજ માર્ગ પર વાહન ચેકીંગ હાથ ધર્યું હતું આ દરમિયાન અજાણ્યો ઈસમ મેઘરજ તરફ થી ઈટર્નો સ્કુટર નં. જીજે ૦૯-એ એલ ૪૫૧૦૫૨ આવી રહ્યો હતો. પોલીસ ટીમને આ વાહન ચાલક પર શંકા જતા તેને થોભાવી તપાસ કરતા તેમાંથી ૨૫ નંગ વિદેશી દારૂની બોટલ અને ૨૪ નંગ બિયરના ટીન, મળી આવ્યા હતા. જયારે આરોપી વાહન ચાલક નાસી છૂટયો હતો. પોલીસે કિં. રૂ. ૧૨,૯૦૦નો વિદેશી દારૂ, કિં. રૂ. ૨૫૦૦૦નું ઈટર્નો સ્કૂટર અને મોબાઈલ મળી રૂ. ૩૮,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અને આરોપી બુટલેગરની શોધખોળ હાથ ધરી છે.

# પ્રાંતિજ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ચોપડાઓનું વિતરણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પંદરથી પણ વધારે ગામોમાં ચાલતી સરકારી પ્રાથમિક શાળાઓમાં સ્વામિનારાયણ સંસ્થાન મણીનગર દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસને લગતી ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજના સલાલ, મોયદ, સાંપડ વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણીનગર દ્વારા માનવસેવા પ્રભુ સેવા અભિયાન અંતર્ગત કોઈ પણ જાતના ભેદભાવ રાખ્યા વગર પ્રાંતિજ તાલુકાના કેટલાક વિસ્તારોમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને સ્કુલ બેગ, નોટબુક તેમજ ફુલસાઈઝના ચોપડાઓનું વિતરણ સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના મહંતશ્રી ભગવતીપ્રભુદાસજી સ્વામીના સ્વ હસ્તે નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

જયારે આ પ્રસંગે શાળાના બાળકોને વ્યસનથી મુકત રહી નિયમિત શાળામાં અભ્યાસ અર્થે હાજર રહી પૂર્ણ લેશન સાથે શાળામાં આવવાની સૂચના આપી હતી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્માના ઉમિયાનગરમાં સુંદરકાંડ પારાયણનું આયોજન

ખેડબ્રહ્માની ઉમિયાનગર સોસાયટીમાં અધિક માસ નિમિત્તે રામકથા આધારિત સુંદર કાંડ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારથી ગુરુવાર સુધી રાત્રિના ૮ થી ૧૧ સુધી આયોજીત આ કથાના વકતા તરીકે મુંબઈના નારાયણ દાસ મહારાજે કથાનું રસપાન કરાવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો હાજર રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી


એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE


પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ


ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY


સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦